## <u>આંક–૪૪ લગત હુકમ</u>

આ કામના આરોપી નંબર–૦૧ દ્વારા હાલ ની અરજી આપી જણાવેલ છે કે માંગરોળ પોલિસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર–૫૦/૧૧ ના કામે આઇ.પી.સી. ની કલમ– ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૪, ૧૧૪, ૧૨૦(બી), ૫૦૪, ૫૦૬(૨),૩૭૯,૪૪૭ મુજબના કામે ફરીયાદી સબાના ફારૂક હુસેન ગુલામભાઇનાએ તા. ૨૩/૦૯/૨૦૧૧ ના રોજ ફરીયાદ કરેલી છે તેવુ જણાવે છે.

વધુમાં આરોપી તરફે રજુઆત છે કે આ કામના ફરીયાદની હકિકત એવી છે કે ગામ શાહ, તા. માંગરોળ, જિ. સુરતના સર્વે નંબર–૨૦૬, બ્લોક નંબર–૨૧૫ તથા રેવેન્યુ સર્વે નંબર–૨૦૬ જેનો બ્લોક નંબર–૨૧૯ વાળી ખેતીની જમીન ફરીયાદીએ વેચાણ દસ્તાવેજ નંબર–૧૭૮૭/૨૦૦૭ તા. ૦૨/૦૮/૨૦૦૭ ના રોજ હનિફ મોહમદ બેમાત વિગેરે પાસેથી વેચાણ રાખેલી અને ત્યાર બાદ આ ખેતીની જમીન હસમુખભાઇ કેશવભાઇ પટેલને ખેડવા માટે આપેલી અને ત્યારબાદ તા. ૧૪/૦૫/૨૦૧૧ ના રોજ નવિનભાઇ અમૃતભાઇ દોશી તેઓની જમીન ઉપર આવી કાગળો બતાવી કબ્જો પડાવી લેવાની કોશિશ કરેલી આથી ફરીયાદીએ રેવેન્યુ તપાસ કરતા જમીન વેચાણ દસ્તાવેજ– ૫૯૨૯/૧૦ તા. ૩૦/૧૨/૨૦૧૦ ના રોજ અશ્વિનભાઇ બેચરભાઇ પટેલના નામથી નોંધાયેલ તેઓને જાણવા મળેલુ અને ફરીયાદીના નામનો ખોટો પાવર ઓફ એટર્ની પિયુષભાઇ મુળજીભાઇ કુંભાંણીનાઓએ બનાવી અશ્વિનભાઇ બેચરભાઇ પટેલનાઓને બનાવી આપેલો જેમાં ફરીયાદીની સહી તથા ખોટો ફોટો લગાવેલ છે અને તેમાં સાક્ષી તરીકે ગુલામ મોહમદ મહીડા તથા સલિમ મોહમદ લૌખાતનાઓએ નોટરી એસ.જી.કાઝીનાઓ રુબરુ તા.૨૭/૦૯/૨૦૧૦ ના રોજ કરેલ હોવાનુ હકિકતો જણાવી ફરીયાદ કરેલ છે.

વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા આવી કોઇ સહી પાવરનામામાં કરવામાં આવી નથી અને તેમા તેઓના હસ્તાક્ષર નથી અને ગુલામ મોહમદ

મહીડા તરીકે તેઓ સહી કરે છે પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા તેઓની હકિકત માનેલ નથી. વધુમાં જણાવે છે કે તેઓ દ્વારા સરકાર માન્ય પ્રયોગશાળા માં તેઓની સહીનુ પૃથ્થકરણ કરાવતા આ સહી તેઓની નથી તેવો રિપોર્ટ આવેલ છે અને તે રિપોર્ટ તેઓ દ્વારા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરેલ હોવા છતા તેઓએ આ રિપોર્ટ અનુસંધાને કોઇ સમરી ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. આમ તેઓ નિર્દોષ છે અને સાહેદો ના નિવેદનમાં તેઓનુ નામ ખુલવા પામેલ નથી. આથી તેઓને આ કામે બિનતોહમત છોડી મુકવા અરજ કરેલ છે.

આ કામે આરોપીની ઉપરોકત અરજી અનુસંધાને ફરીયાદપક્ષે એ.પી.પી. શ્રી દ્વારા વિગતવાર મૌખીક દલિલો કરતા જણાવેલ છે કે આ કામે હાલ ના આરોપી દ્વારા ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો કરેલ છે અને પાવરનામુ આપનાર વ્યકતિ જેનુ નામ પાવરનામામાં લખેલ છે તે વ્યકતિ નથી તેવુ જાણવા છતા તેમાં સાક્ષી તરીકે સહી કરેલ છે. સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે અને આ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલા છે. ત્યારે આરોપી સામે કાર્યવાહી થઈ શકે તેટલો પ્રાથમિક પુરાવો કોર્ટ સમક્ષ રજુ છે આથી તેઓની આ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

આ કામે આરોપી દ્વારા આંક–૫ર થી લેખીતમાં દલિલો રજુ કરેલ છે જેમાં તેઓએ અરજીનુ પુનરાવર્તન કરેલ છે આથી આ દલિલોમાં જણાવેલી હકિકતો ફરીથી ઉલ્લેખવી જણાતી ન હોય તે હુકમના કારણોમાં ધ્યાને લેવામાં આવેલ છે અને તે સબંધે ચર્ચા કરવામાં આવેલી છે.

આ કામે આરોપી ઉપર ચાર્જફ્રેમ કરી શકાય તેટલો પુરાવો છે કે કેમ તે સબંધે જોવામા આવે તો સૌપ્રથમ આ કામે થયેલી ફરીયાદ ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી દ્વારા જણાવેલ છે કે તેઓએ શાહ ગામની સિમમાં આવેલી બ્લોક નંબર–ર૧૫ તથા ર૧૯ વાળી જુની શરતની જમીન હનીફ અહમદ બેમાત પાસેથી ખરીદ કરેલ અને તેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીએ દસ્તાવેજ નંબર–૧૭૮૭/ર૦૦૭ તા. ૦ર/૦૫/ર૦૦૭ ના રોજ કરવામાં આવેલ અને ત્યારબાદ તેઓ દ્વારા આ જમીન ગણોત તરીકે હસમુખભાઇ કેશવભાઇ પટેલનાઓને ખેડવા માટે આપેલી અને તે જમીનમાં

તેઓએ તેઓના પુત્ર અને પુત્રીના નામ દાખલ કરાવેલા. વધુમાં ફરીયાદી દ્વારા જણાવેલ છે કે તા.૧૪/૦૫/૧૧ ના રોજ આ જમીન ઉપર નવિનભાઇ અમૃતલાલ દોશી તથા તેમના માણસો આવેલા અને તેઓના હાથમાં હથીયાર હતા અને તેઓ તેઓના ગણોત હસમુખભાઇને કાગળો બતાવી આ જમીન તેઓની છે તેવુ જણાવતા જમીન પચાવી પાડવાની કોશીશ કરેલી જેની જાણ તેઓના ગણોત હસમુખભાઇએ તેઓને કરેલી. આથી તેઓ દ્વારા રેવેન્યુ રેકર્ડની તપાસ કરેલી ત્યારે તેઓને જાણવા મળેલ કે દસ્તાવેજ નંબર-૫૯૨૯/૧૦ તા. ૩૦/૧૨/૨૦૧૦ ના રોજ અશ્વિનભાઇ બેચરભાઇ પટેલનાઓએ ખોટા પાવર ઓફ એટર્ની આધારે આ જમીન ખરીદ કરેલ છે અને આ ખોટો પાવર ઓફ એટર્ની પિયુષભાઇ મુળજીભાઇ કુંભાણીનાઓએ બનાવેલ હોવાનુ અને તેમાં કોઇ અજાણી સ્ત્રીનો ફોટો લગાવી તેઓની ખોટી સહી તથા અંગુઠો કરેલ તથા તેમાં સાક્ષી તરીકે ગુલામ મોહમદ મહીડા તથા લિનમોહમદ બોબાતનાઓએ નોટરી એસ.જી.કાઝીનાઓ રુબરુ કરાવેલ અને ત્યારબાદ અશ્વિનભાઇ બેચરભાઇ પટેલનાઓએ તા. ૦૯/૦૪/૧૧ ના રોજ કબ્જા સહિતનો સાટાખતનો કરાર નવિનભાઇ અમૃતલાલ દોશીનાઓને આર.બી. દવે રુબરુ નોટરી એડવોકેટ સંગીતાબેન શાહનાઓએ કરી આપેલ અને આ તમામ ખોટા દસ્તાવેજ જોતા તેમાં નોટરી તરીકે સુરેશભાઇ આર. મોદી દ્વારા ખોટા દસ્તાવેજો હોવા છતા પ્રમાણીત કરેલાનુ અને આ દસ્તાવેજો ઉપર આધાર રાખી માંગરોળ સબ રજીસ્ટ્રાર પ્રદિપભાઇ એમ. શાહનાઓ દ્વારા દસ્તાવેજની ચકાસણી કર્યા વગર નોંધણી કરેલ અને આ બોગસ દસ્તાવેજો બનાવવાનુ કાવતરુ જિતેન્દ્ર કાંતિલાલ પટેલનાઓની મદદથી એડવોકેટ ભરત એસ. સોલેરા પાસે કરેલાનુ જાણવા મળ્યુ છે. વધુમાં જણાવે છે કે તા. ૨૨/૦૯/૧૧ ના રોજ નવિનભાઇ અમૃતલાલ દોશી અને તેઓના માણસો દ્વારા શેરડીના પાકને નુકશાન કરેલ છે તેવી હકિકતની ફરીયાદ આપેલ છે.

હવે આ કામના આરોપી ગુલામ મોહમદ મહીડા ઉપર આક્ષેપ કરવામાં આવેલ છે કે ફરીયાદીના નામનુ ખોટુ પાવરનામુ પિયુષભાઇ મુળજીભાઇ કુંભાણી દ્વારા બનાવવામાં આવેલુ અને તેમાં સાહેદ તરીકે આ આરોપી દ્વારા ફરીયાદીની ઓળખ આપતી સહી કરેલ છે અને ફરીયાદીના જણાવ્યા મુજબ

તે પાવરનામામાં કોઈ અજાણી સ્ત્રીનો ફોટો હતો. હવે આ આક્ષેપ સબંધે તપાસ કરનાર અમલદાર દ્વારા આ આરોપીને કસુરવાર ઠરાવવા માટે કાર્યવાહી કરવા જેટલા પુરાવા રજુ કરવામાં આવેલા છે તે જોવામાં આવે તો આ કામે પ્રથમ તો ફરીયાદી દ્વારા તેઓએ કોઈ પાવરનામુ કરી આપેલ નથી તેવુ જણાવી ફરીયાદ કરેલ છે ત્યારે તપાસ કરનાર અમલદાર દ્વારા આ કામે તકરારી પાવરનામુ રજુ કરેલ છે તે પાવરનામામાં સાક્ષી નંબર–૦૧ તરીકે ગુલામ મોહમદ મહિડાની સહી હોવાનુ જણાય છે પરંતુ આ ગુલામ મોહમદ મહિડા તરીકે સહી કરનાર વ્યકતિ આ જ આરોપી છે તે સબંધે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ જે પાવરનામામાં ગુલામ મોહમદ મહિડાનાઓની સહી હોવાનુ કહેવામાં આવે છે તે પાવરનામુ જે નોટરી એડવોકેટ દ્વારા રજીસ્ટર્ડ કરવામાં આવેલુ છે તેવા કોઈ નોટરી એડવોકેટ એસ.જી. કાઝી મળી આવેલ નથી તેમજ સાહેદ હાફીજુદ્દિન સિરાહુદ્દિન કાઝી દ્વારા આવી એસ.જી. કાઝી નામની કોઈ વ્યકતિ નોટરી રજીસ્ટર થયેલ નથી તેવુ જણાવેલ છે. તેમજ તપાસ કરનાર અમલદાર દ્વારા આ કામે આ આરોપી અને પાવરનામામાં સાહેદ તરીકે સહી કરનાર ગુલામ મોહમદ મહિડાની સહી એક જ વ્યકતિ દ્વારા એટલે કે હાલના આરોપી દ્વારા કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી કે આવો પુરાવો મેળવવા માટે તપાસ કરનાર અમલદારે આ આરોપીના સહીના નમુના એફ.એસ.એલ. માં મોકલાવેલ હોય તેવુ પણ ચાર્જશીટ માં રજુ કરેલા દસ્તાવેજો ઉપરથી જણાતુ નથી.આમ આ આરોપીએ આ ખોટા પાવરનામામાં સાહેદ તરીકે સહી કરેલ હોય તેવો કોઈ પ્રાથમીક પુરાવો તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલો નથી.આથી આરોપી વિરુધ્ધ કાર્યવાહી કરી શકાય તેટલા પ્રાથમિક પુરાવા જણાતા ના હોય હાલની અરજી સબંધે નીચે મુજબ નો હુકમ ફરમાવવામા આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

(૧) આથી આરોપી ની ડિસ્ચાર્જ અરજી મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે અને અને આરોપી ગુલામ મોહમદ મહીડાને બિનતોહમત ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૬ મી, માહે– ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**માંગરોળ** **(જે.એસ.પરમાર )**

**તા.૦૬/૦૨/૨૦૨૬** **એડી. ચીફ જ્યુ. મેજી.**

**સિવીલ કોર્ટ, માંગરોળ, સુરત.**

**(કોડ–જીજે૦૧૧૫૫)**